ક્રમાંક:રાપબો/HTAT SCE/૨૦૨૬/૮૪૨૪-૮૫૧૧
રાજય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૧૭/૦૯/૨૦૨૬

# પરિપત્ર

**વિષય: મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી-૨૦૨૬ (Special Competitive Examination for Promotion to the Post of Head Teacher) ના આવેદનપત્રો ભરવા માટેનો સમયગાળો લંબાવવા બાબત.**

**સંદર્ભ: ૧ અત્રેની કચેરીના તા.૦૧/૦૮/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/HTAT SCE/૨૦૨૬/૭૨૧૩-૭૩૦૦.**

**૨. અત્રેની કચેરીના તા.૨૫/૦૮/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક:રાપબો/HTAT SCE/૨૦૨૬/૭૯૬૯-૫૬**

**૩. શિક્ષણ વિભાગના તા.૧૬/૦૯/૨૦૨૬ ના પત્ર ક્રમાંક:ED/MIS/e-file/3/2025/3057/CH.**

અત્રેની કચેરીના સંદર્ભ-૧ ના જાહેરનામાંથી સરકારી પ્રાથમિક શાળાઓમાં બઢતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા શિક્ષકો મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી Head Teacher Aptitude Test (HTAT) **(Special Competitive Examination for Promotion to the Post of Head Teacher)** ના રજીસ્ટ્રેશન ફોર્મ http://ojas.gujarat.gov.in વેબસાઈટ પર ભરાયેલ છે.

શિક્ષણ વિભાગના સંદર્ભ-૩ ના પત્રથી નીચે મુજબની સ્પષ્ટતા/માર્ગદર્શન આપવામાં આવેલ છે.

1. મુખ્ય શિક્ષક (વર્ગ-III|) (વિશેષ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૬ શિક્ષણ વિભાગના તા.૦૪/૦૫/૨૦૨૬ ના જાહેરનામાના નિયમ (૩) માં પરીક્ષાના નિયમ-૩ મુજબ, સંબંધિત ભરતી નિયમોમાં મુખ્ય શિક્ષકના પદ માટે નિયત **requisite qualifications** ધરાવતો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ઠરે છે. આ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા બઢતીના હેતુસરની હોવાથી તેની પાત્રતા માટે બઢતીના ભરતી નિયમો લાગુ પડે છે. આથી, બઢતી માટેની અન્ય નિયત શરતો પૂર્ણ કરતા ફીડર કેડરના શિક્ષકોને તેમની લાગુ પડતી શૈક્ષણિક તથા સેવા લાયકાતના આધારે **તેઓ સ્નાતક છે કે નહીં તે ધ્યાને લીધા વિના** પરીક્ષામાં બેસવા પાત્ર ગણવાના રહેશે.
2. જે શિક્ષકોના જિલ્લા ફેરબદલીના હુકમ થયેલ છે. પરંતુ માત્ર વહીવટી કારણોસર તે શિક્ષકને હાલની શિક્ષણ સમિતિમાંથી ફરજમુકત કરવામાં આવેલ નથી, તેવા શિક્ષકને તેમની બદલીવાળી શિક્ષણ સમિતિના ઉમેદવાર તરીકે મુખ્ય શિક્ષકની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં અરજી કરવા તથા પરીક્ષામાં બેસવા માટે પાત્ર ગણવાના રહેશે જે ધ્યાને લેવાનું રહે તેમજ આ માર્ગદર્શન સંદર્ભે કરવાની થતી તમામ આનુષંગિક કાર્યવાહી રાજય પરીક્ષા બોર્ડ અને નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીએ કરવાની રહેશે.

અત્રેની કચેરીના સંદર્ભ-૨ ના પરિપત્ર મુજબ રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૩૧/૦૮/૨૦૨૬ અને નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાની છેલ્લી તા.૦૧/૦૯/૨૦૨૬ હતી. ઉકત શિક્ષણ વિભાગની સ્પષ્ટતા/માર્ગદર્શન ધ્યાને લઇ સદરહું રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી ભરવાનો સમયગાળો તથા પરીક્ષા તારીખ નીચેની વિગતે લંબાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૧૮/૦૯/૨૦૨૬ થી ૨૨/૦૯/૨૦૨૬ |
| ૨ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૧૮/૦૯/૨૦૨૬ થી ૨૩/૦૯/૨૦૨૬ |
| ૩ | પરીક્ષાની તારીખ | ૦૧/૧૧/૨૦૨૬ |

<u>નોંધઃ-</u> અગાઉ આ જાહેરાત સંદર્ભે ફોર્મ અને ફી ભરેલ હોય તે ઉમેદવારોએ ફરી ફોર્મ અને ફી ભરવાની જરૂરીયાત નથી. તેમજ તમામ માટે હવે આ પરીક્ષા ૧ નવેમ્બર ૨૦૨૬ ના રોજ યોજાશે.

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૧૭/૦૯/૨૦૨૬

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- એસ.આઇ.ઓ.શ્રી, એન.આઇ.સી, ગુજરાત રાજ્ય ગાંધીનગર
- મેનેજરશ્રી, બીલડેસ્ક, અમદાવાદ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રી (પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ. (આપના તાબા હેઠળની જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.)
- શાસનાધિકારીશ્રી, તમામ. (આપના તાબા હેઠળની નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.)